PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/કવા–૦૩/૧૬–૧૭/ ૧૧૧૧૮ તા. ૧૪/૧૨/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અરવિંદભાઈ કાનજીભાઈ કથીરીયા,
ગામ: મંડોરણા (ગીર),
તા. તાલાલા
જી. જુનાગઢ

વિષય :–લોડ ઘટાડા તેમજ વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૬/કવા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨ )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૩૬/ક્વા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૪–૧૨–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: અરવિંદભાઈ કાનજીભાઈ કથીરીયા,ગામ: મંડોરણા (ગીર),**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :આર.કે.મોરી, એસ.એ.રેવન્યુ, વિભાગીય કચેરી વેરાવળ**

## હુકમ :

**ફરીયાદ : લોડ ઘટાડા તેમજ વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ તેમના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૪૩૬/૦૦૬૨૧/૬, જે ૧૪ હોપા ના કરારીત વીજભાર વાળુ હતુ. તેમા ૦૯ હોપા નો વીજભાર ઘટાડો કરી અને જોડાણ ને ૦૫ હોપા ના કરારીત વીજભાર વાળુ કરવા માટે અગાઉ તા.૧૨–૦૫–૧૬ ના રોજ અરજી કરેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી જુન–૧૬ ની અરસથી વીજભાર ઘટાડો મંજુર કરી અને જોડાણ ને ૧૪ હોપા ને બદલે ૦૫ હોપા મુજબ નુ બીલીગ કરવાની કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ તેમના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૪૩૬/૦૦૬૨૧/૬, જેના હૈયાત ૧૪ હોપા ના કરારીત વીજભાર મા ૦૯ હોપા નો વીજભાર ઘટાડો કરી અને જોડાણ ને ૦૫ હોપા ના કરારીત વીજભાર વાળુ કરવા માટે નીં અગાઉ તા.૧૨–૦૫–૧૬ ના રોજ નોંધાયેલ અરજી ના અનુસંધાને, અરજદાર શ્રી એ જે તે સમયે, ૧૪ હોપા ને બદલે ૦૯ હોપા ના વીજભાર વાળી મોટર વસાવેલ હોવા બાબતે નો ટેસ્ટ રીપોર્ટ, જે અરજી રજુ કર્યા તા.૧૨–૦૫–૧૬ ના રોજ પીજીવીસીએલ રજુ કરેલ ન હતો. જેથી, તેઓ શ્રી ના સદર જોડાણ મા, મંજુર કરાયેલ વીજભાર ઘટાડા અન્વયે નુ બીલીગ, જે ૧૪ હોપા ને બદલે ૦૯ હોપા ની ગણતરીએ પીજીવીસીએલ તરફથી થઈ શકેલ ન હતુ. આ બાબત પીજીવીસીએલ માટે નિયમાધીન છે. હવે, અરજદાર શ્રી એ, તા.૦૧–૧૨–૧૬ ના રોજ સદર ટેસ્ટ રીપોર્ટ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરી આપેલ છે. જેથી, નિયમાધીન રીતે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, માહે ડિસેમ્બર–૨૦૧૬ ની અસર થી ૧૪ હોપા ના કરારીત વીજભાર માથી, ૦૯ હોપા નો વીજભાર ઘટાડો મંજુર કરી, અને જોડાણ ને ૧૪ હોપા ને બદલે ૦૫ હોપા મુજબ ના વીજભાર નુ કરવા સબબ ની, એટલેકે ૦૫ હોપા મુજબ નુ બીલીગ કરવાની કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી માહે ડિસેમ્બર–૨૦૧૬ ની અસર થી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૧૩–૧૨–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના હૈયાત ખેતીવાડી વીજજોડાણ મા વીજભાર ઘટાડા સબબ નો ટેસ્ટ રીપોર્ટ, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, તા.૦૧–૧૨–૧૬ ના રોજ રજુ કરી આપેલ છે. જેથી, નિયમાધીન રીતે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, માહે ડિસેમ્બર–૨૦૧૬ ની અસર થી ૧૪ હોપા ના કરારીત વીજભાર માથી, ૦૯ હોપા નો વીજભાર ઘટાડો મંજુર કરી, અને જોડાણ ને ૧૪ હોપા ને બદલે ૦૫ હોપા મુજબ ના વીજભાર હેઠળ નુ બીલીગ, જે પીજીવીસીએલ તરફથી માહે ડિસેમ્બર–૨૦૧૬ ની અસર થી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૧૩–૧૨–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૧૩–૧૨–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..